# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૫/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/ ૨૮૮૩-૪ તારીખ : ૨૦ - ૦૪ - ૨૦૨૨

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,

ભરતભાઈ મનજીભાઈ ગડારા

"સત્યમ" ન્યુ કોલેજવાડી-૩, પ્રીમીયમ પેલેસ સામે, કાલાવડ રોડ, પંજાબ હોન્ડા શો રૂમની પાછળ,

મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,

પીન કોડ. : ૩૬૦૦૦૫

મોબાઈલ : ૯૮૨૫૬૧૦૮૩૦

વિષય : નવું ઓદ્યોગિક જોડાણ મેળવવા બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૩-૦૩-૨૦૨૨.

( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૫/ક્વા-૦૪/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ખોખડદળ.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૫/ક્વા-૪/૨૧-૨૨/૨૮૮૩-૪ તા.૨૦.૦૪.'૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૨૫/ક્વા-૪/૨૧-૨૨**

| | |
|---|---|
| અરજદાર | : ભરતભાઈ મનજીભાઈ ગડારા ગામ:રાજકોટ |
| પેટા વિભાગીય કચેરી | : ખોખડદળ |
| રજૂઆત કરનાર | : અરજદાર ભરતભાઈ મનજીભાઈ ગડારા અને તેમની સાથે સુરેશભાઈ ગડારા અને જીવરાજભાઈ કે. અકબરી હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી –રાજકોટ શહેર-૩ |
| રજૂઆત કરનાર | : શ્રી એમ.આર.માકડિયા, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી રાજકોટ શહેર-૩ રાજકોટ હાજર રહેલ છે. |

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી એન.સી.મકવાણા

૨) સભ્ય (સ્વતંત્ર) -શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | :કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | :૧૨.૦૪.૨૦૨૨ (મંગળવાર) |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Rajkot

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૨-૦૪-૨૦૨૨ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારની લેખિત રજુઆત તા.૨૩-૦૩-૨૦૨૨ મુજબ તેઓ દ્વારા ૧૦૦ HP ના નવા ઔદ્યોગિક વીજજોડાણ માટે પી.જી.વી.સી.એલ.ની સબંધક કચેરીમાં અરજી કરેલ. પરંતુ સદર અરજી બાબતે કોઈ કાર્યવાહી ન થતા તા.૧૧-૧૧-૨૦૨૧ ના રોજ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં અરજી કરેલ ફોરમના હુકમ મુજબ ખૂટતા આધાર પુરાવાઓ રજુ કરતા પી.જી.વી.સી.એલ. દ્વારા નવા વીજજોડાણની અરજીની નોંધણી કરીને ભાવપત્રક આપેલ જે ભાવપત્રક અનુક્રમે (૧) રસીદ નં.૨૪૬૯૩૫ થી રૂ.૧૦૯૦૦૦/- (૨) રસીદ નં.૨૪૬૯૩૬ થી રૂ.૩૦૦/- અને (૩) રસીદ નં.૨૪૬૯૩૭ થી રૂ.૬૪૭૪૬૧/- આમ કુલ મળીને રૂ.૭૬૬૭૬૧/- તા.૦૭-૦૨-૨૦૨૨ થી ભરપાઈ કરી આપેલ છે. તેમ છતાં વીજજોડાણ મળેલ ન હોય વીજજોડાણ આપવા ફરીથી ફોરમમાં રજૂઆત કરેલ છે. વધુમાં મારુતિ ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં અન્ય બીજા ગ્રાહકોને વીજજોડાણ અપાયેલ છે તેમજ જરૂરી મશીનરીની ખરીદી પણ કરી લેવામાં આવેલ છે અને લીધેલી લોન પર વ્યાજ પણ

ચડત થયેલ છે. આમ, અરજદાર દ્વારા નવું વીજજોડાણ મેળવવા માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ છે કે અરજદાર દ્વારા પ્લોટ નં-73 (એ-૧ ફોર્મ માં દર્શાવ્યા મુજબ), મારુતિ ઇન્ડસ્ટ્રિયલ એરિયા-રાજકોટ વાળી જગ્યાએ ઔદ્યોગિક હેતુ માટે નવું વીજજોડાણ (**SR No.14255527, Load: 100.0 KW**) મેળવવા માટે **CGRF ORDER No.: PGVCL/CGRF/13/qtr-03/2021-22/**૪૦૮-૧૦, તા.૧૮.૦૧.૨૦૨૨ અન્વયે જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સાથેની અરજી અરજદાર દ્વારા રજુ કરતા, ખોખડદડ પેટાવિભાગીય કચેરી દ્વારા જરૂરી રજીસ્ટ્રેશન ચાર્જ રૂ.૪૭૨/- રસીદ નંબર: **RO-244989** તા.19.01.2022 થી સ્વીકારેલ છે, જેના આધારે ખોખડદડ પેટાવિભાગીય કચેરી દ્વારા પત્ર નં.: ૭૦૧, તા.:૨૯.૦૧.૨૦૨૨ થી અંદાજપત્ર પાઠવવામાં આવેલ છે, જે અરજદાર દ્વારા તા.૦૭.૦૨.૨૦૨૨ ના રોજ ભરપાઈ કરેલ છે, તેમજ નિયમોનુસાર કરારનામાં માં અરજદારે સહી કરેલ છે.

3.૧ અરજદારના ઉપરોક્ત વિજજોડાણની આગળની કાર્યવાહી અર્થે, અરજદારની કેસ-ફાઇલ પ્રિ-ઓડિટ માટે ખોખડદડ પેટાવિભાગીય દ્વારા વિભાગીય કચેરીને પત્ર ક્ર.નં. ૧૧૭૬ તા.૧૯.૦૨.૨૦૨૨ થી મોકલવામાં આવેલ. જે અન્વયે વિભાગીય કચેરી દ્વારા સદર કેસ-ફાઇલમાં નીચે મુજબની ઘટતી માહિતીની પુર્તતા કરવા જણાવેલ છે, જે અન્વયે ખોખડદળ પેટાવિભાગીય કચેરી દ્વારા પત્ર નં ખોખળદળ/ટેક/૧૬૭૯ તા.૧૧.03.૨૨ થી અરજદારને જાણ કરી દિવસ-૧૦ માં જરૂરી આધાર પુરાવા રજુ કરવા માટે જણાવેલ છે.

(૧) અરજદારે પ્લોટ નં-૭3,મારુતિ ઇન્ડસ્ટ્રીયલ એરિયા ખાતે નવું વીજજોડાણ માગેલ છે અને તેને લગતા દસ્તાવેજી પુરાવાઓ જોડેલ છે તેમજ એ-૧ ફોર્મમાં પણ પ્લોટ નં-૭૩ દર્શાવેલ છે, જ્યારે અરજદારે **RMC ZONNIG CERTIFICATE** રજૂ કરેલ છે તેમાં પ્લોટ નં-૭૨ નો ઉલ્લેખ છે, જેથી પ્લોટ નં-૭૩ નું અરજદારે **RMC ZONNIG CERTIFICATE** રજૂ કરવાનું રહે છે.

(૨) અરજદાર દ્વારા સદર અરજી સાંથે જોડેલ ઉતરોત્તર વેચાણખત તપાસતા તથા સાથે જોડેલ ૭/૧૨માં દર્શાવેલ નામો જોતાં સવાલવાળી જમીનનો અરજદારની માલિકીહક્ક સાબિત થતો નથી."

ઉપરોક્ત બાબતોની પૂર્તતા અંગે અરજદાર દ્વારા આજદિન સુધી સદર સવાલવાળી જમીનના માલિકીહક્ક સંબંધે જરૂરી દસ્તાવેજી પુરાવાઓ ખોખડદળ પેટાવિભાગીય કચેરી ખાતે રજૂ કરેલ નથી.

## ::હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી ભરતભાઈ મનજીભાઈ ગડારા દ્વારા રજુ કરેલ A-૧ ફોર્મ મુજબ તા.૨૮.૦૯.૨૦૨૧ ના રોજ ઓનલાઈન અરજી નં. ૩૯૮૯૧ થી ઔદ્યોગિક વપરાશ માટે રાજકોટ શહેરના રેવન્યુ સર્વે ક્રમ ૨૪૪/૧, ૨૪૪/૧-૨ તથા ૨૪૪/3 પૈકીની જમીનમાં આવેલ શ્રી મારુતિ ઈન્ડ એસ્ટેટ (સૂચિત) રાજકોટના પ્લોટ પૈકી પ્લોટ નં.૭૩ પર ૧૦૦ KW નું ઓદ્યોગિક વીજજોડાણ મેળવવા માટે ખોખડદળ પેટા વિભાગીય ખાતે અરજી કરેલ હતી. પરંતુ પી.જી.વી.સી.એલ. દ્વારા જે તે વખતે વીજજોડાણ આપવાની કાર્યવાહી ન થતા અરજદાર દ્વારા તા.૧૧-૧૧-૨૦૨૧ થી ફોરમ સમક્ષ ફરિયાદ નોંધાવેલ જે અન્વયે ફોરમના હુકમ નં ૪૦૮-૧૦, તા.૧૮.૦૧.૨૦૨૨ મુજબ અરજદાર દ્વારા રજુ કરાયેલ અરજીની સાથે આધાર પુરાવા રજુ કરતા પી.જી.વી.સી.એલ. દ્વારા જરૂરી રજીસ્ટ્રેશન ચાર્જ રૂ.૪૭૨/- રસીદ નંબર **RO-244989** તા.19.01.2022 થી

સ્વીકારેલ છે, જેના આધારે ખોખડદળ પેટાવિભાગીય કચેરી દ્વારા પત્ર નં.: ૭૦૧ તા.:૨૯.૦૧.૨૦૨૨ થી અંદાજપત્ર પાઠવવામાં આવેલ છે, જે અરજદાર દ્વારા તા.૦૭.૦૨.૨૦૨૨ ના રોજ ભરપાઈ કરેલ છે, તેમજ નિયમોનુસાર કરારનામાં માં સહી કરેલ છે.

૪.૨ ઉપરોક્ત બાબતે પી.જી.વી.સી.એલ. દ્વારા અરજદારની સદર ફાઈલ પ્રી ઓડીટ માટે પત્ર ક્.નં. ૧૧૭૬ તા.૧૯.૦૨.૨૦૨? થી વિભાગીય કચેરીમાં મોકલાવેલ જે અન્વયે ઉપરોક્ત મુદ્દા નં ૩.૧ મુજબની વિગતે ઘટતી માહિતીની પૂર્તતા કરવા વિભાગીય કચેરીએ પી.જી.વી.સી.એલ.ની પેટાવિભાગીય કચેરીને સદર ફાઈલ પત્ર નં ૧૩૦૩ તા.૨૪-૦૨-૨૦૨૨ થી પરત મોકલાવેલ જે અન્વયે પેટાવિભાગીય કચેરી ખોખડદળ દ્વારા અરજદારશ્રી ભરતભાઈ મનજીભાઈ ગડારાને પત્ર નં – ૧૬૭૯ તા.૧૧-૦૩-૨૦૨૨ થી માંગણી મુજબના વીજજોડાણની જમીનના માલિકી હક્ક સબંધે જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કરવા જણાવેલ જે અરજદાર દ્વારા પૂર્તતા થયેલ ન હોવાથી પી.જી.વી.સી.એલ. દ્વારા વીજજોડાણ આપવા અંગેની કાર્યવાહી કરાયેલ નથી. જેથી અરજદારે વીજજોડાણ મેળવવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં તા.૨૩-૦૩-૨૦૨૨ થી રજૂઆત કરેલ છે.

૪.3 અરજદાર તેમજ પી.જી.વી.સી.એલ.ની રજૂઆતનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે સદર અરજદારની સદર માંગણી મુજબની જગ્યામાં વીજજોડાણ મેળવવા માટે પી.જી.વી.સી.એલ. દ્વારા કોઈ કાર્યવાહી ન થતા અરજદારે ફોરમમાં તા.૧૧-૧૧-૨૦૨૧ થી ફોરમ સમક્ષ અરજી કરેલ જે અન્વયે ફોરમના હુકમ નંબર ૪૦૮-૧૦, તા.૧૮-૦૧-૨૦૨૨ ના મુદ્દા નં ૪.૪ નીચે મુજબ રજુ કરેલ છે.

"સદર કેસમાં ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા તેમજ સદર જગ્યાના પુરાવાઓનો અભ્યાસ કરતા સદર જગ્યા સરકારશ્રી હસ્તક હોવાનું માલુમ પડેલ છે. આ સંજોગોમાં અરજદાર દ્વારા વીજ જોડાણની માંગણી વાળી જગ્યા તેઓની સ્વતંત્ર માલિકીની હોય તેમ સ્પષ્ટ થતું નથી જેથી પી.જી.વી.સી.એલ. પક્ષકારને સદર રજૂઆતના અનુસંધાને અરજદારને સવાલવાળી જમીનની માલિકી અંગેના સ્પષ્ટ પુરાવાઓ રજુ કરવા માટે ૧૦ દિવસની સમયમર્યાદા આપવા સુચના આપવામાં આવે છે. તેમજ અરજદાર દ્વારા નામદાર GERCના સપ્લાય કોડ નોટિફિકેશન નં. ૦૪/૨૦૧૫ ના નિયમ નં. ૪.૧૬ થી ૪.૨૦ મુજબ યોગ્ય પુરાવાઓ રજુ થયે વીજજોડાણ મેળવવાની અરજી અંગેની નિયમાનુસાર કાર્યવાહી કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે."

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં ૪.૩ મુજબની વિગતે પી.જી.વી.સી.એલ.ની પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારની માંગણી મુજબના વીજજોડાણની જમીનની માલિકી અંગેના સ્પષ્ટ પુરાવો અને સપ્લાય કોડ ના નોટિફિકેશન નં. ૪.૧૬ થી ૪.૨૦ મુજબ જરૂરી આધાર પુરાવા અરજદાર દ્વારા રજુ થયે વીજજોડાણ આપવા અંગેની કાર્યવાહી કરવા પી.જી.વી.સી.એલ.ને સુચના આપેલ હતી તેમ છતાં, સદર હુકમનું યોગ્ય રીતે પાલન ન કરીને એટલેકે રજુ થયેલ દસ્તાવેજીક પેપર્સની ચકાસણી કર્યા વગર જ પી.જી.વી.સી.એલ. દ્વારા અરજદારને તા.૨૯-૦૧-૨૦૨૨ થી ભાવપત્રક અપાયેલ છે જે ફોરમના હુકમનું ઉલ્લંઘન કરેલ છે તેમજ સદર કારણસર આ ફરિયાદ ઉદભવેલ છે જે પી.જી.વી.સી.એલ.ની ગંભીર બેદરકારી દર્શાવે છે.

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૩ મુજબની વિગતે સદર કેસમાં અરજદારની સવાલવાળી જમીનની માલિકી અંગેના સ્પષ્ટ પુરાવા રજુ કરવા અરજદારને ફરીથી જાણ કરવામાં આવે છે જે રજુ થયે પી.જી.વી.સી.એલ. દ્વારા આગળની નિયમાધીન કાર્યવાહી કરવી તેમજ મુદ્દા નં ૪.૪ મુજબ સદર તકરાર ઉદભવેલ જેથી જવાબદાર અધિકારી / કર્મચારી સામે કંપનીના નિયમ અનુસાર યોગ્ય કાર્યવાહી કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકાર ને સુચના આપવામાં આવે છે.

તેમજ ભવિષ્યમાં સદર પ્રકારની તકરાર ઉભી ન થાય તે બાબતે પી.જી.વી.સી.એલ.ની વર્તુળ કચેરી **કક્ષાએથી** જરૂરી કાર્યવાહી કરવી, તેમજ કરાયેલ કાર્યવાહીનો રીપોર્ટ અત્રેના ફોરમને જાણ કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૬ સદર કેસની સુનાવણી દરમ્યાન અરજદાર દ્વારા કરાયેલ મૌખિક રજૂઆત મુજબ સદર વીજજોડાણની અરજી અન્વયે ઘટતા આધાર પુરાવા રજુ કરવા સમયમર્યાદા માંગેલ જે અન્વયે ફોરમ દ્વારા દિવસ-30 ની સમયમર્યાદા મંજુર કરેલ છે જે અનુસંધાને જો અરજદાર દ્વારા સદર સમયમર્યાદામાં જરૂરી આધાર પુરાવા રજુ કરવામાં નિષ્ફળ નીવડશેતો અરજદારે ભરપાઈ કરેલ ભાવપત્રકની રકમ પી.જી.વી.સી.એલ. દ્વારા નિયમાધીન રીતે રીફંડ કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

૪.૭ સદર કેસમાં ઉપરોક્ત મુદ્દા નં ૪.૫ અને ૪.૬ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૮ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

Joshi Nitin H.

(એન.એચ.જોષી) — સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા) — ચેરપર્સન

Consumer Grievance Redressal Forum, Rajkot

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯